# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

**General Board Date:** 19-09-2026

**Question No:** 8(1)

**Corporator Name:** KAUSHIKBHAI RAMNIKLAL TANK - Corporator : Ward 17

**Question Subject:** પાણીને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગર પાલિકા ફક્ત નર્મદા યોજના આધારીત છે ત્યારે આગામી સમયમાં વરસાદ નહીવત આવતા તેમજ શહેરના વિસ્તાર અને જનસંખ્યાના વધારાને ધ્યાનમાં રાખીને પાણીનો પ્રશ્ન વિકટ બનવાનો છે ત્યારે...

- જળસંગ્રહને આધારિતમાં રાખીને રાજકોટ મહાનગર પાલિકાની યોજના-આયોજન-કાર્યવાહી બાબતે માહિતી આપવી.
- શહેરમાં નાના તળાવો કે આજી રિવર ફ્ન્ટ યોજના બાબતે માહિતી આપવી.
- બોર રીચાર્જ માટે કુલ કેટલી રકમ ખર્ચ થયેલ છે... આ બોર કેટલા ફૂટના હોય છે... તેની તપાસની જવાબદારી કયા અધિકારીની હોય છે...

**Department:** BANDHKAM,WATER WORKS (CZ)

**Ward:** OTHER

**Employee:** E2562-DETHARIYA KISHORBHAI PITAMBARBHAI,E3784-RAVAL ATUL ANIRUDDHBHAI

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

**Answer Details:** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બોર રીચાર્જ માટે કુલ રૂ.૨૪.૬૪ લાખનાં ખર્ચ થયેલ છે. અત્યાર સુધીમાં કુલ – ૨૯૪ બોર રીચાર્જ કરવામાં આવેલ છે. દરેક બોરની ઉંડાઈ અલગ અલગ હોય છે. વોર્ડ વાઈઝ બોર રીચાર્જની સંખ્યા તથા ખર્ચની વિગત આ સાથે સામેલ છે.

RAVAL ATUL ANIRUDDHBHAI
BANDHKAM - DY EX ENGINEER CIVIL — 17-09-2026 11:53 AM

**Answer Details:**

- રાજકોટ શહેરમાં દૈનિક ૨૦ મીનીટ પાણી વિતરણ કરવામાં આવે છે. જેના માટે આજી-૧, ન્યારી-૧ તથા ભાદર-૧ ડેમમાંથી  તેમજ નર્મદા પાઈપલાઈન મારફત  પાણી મેળવીને ૪૪૫ MLD દૈનિક પાણી વિતરણ કરવામાં આવે છે. હાલમાં ૧) ભાદર -૧ માં ૧૩૪૫.૦૦ MCFT ,(૨) આજી -૧માં ૩૯૯.૦૦ MCFT અને ૩) ન્યારી -૧ માં ૪૯૦.૦૦ MCFT જથ્થો છે. ઉપલબ્ધ જથ્થા અનૂસાર દૈનિક પાણી વિતરણ કરવામાં આવે તો આગામી તારીખ ૨૫/૧૦/૨૦૨૬ સુધી ચાલે તેમ છે.ચાલુ વર્ષે ચોમાસા ની સીઝન માં આજી-૧ તથા ન્યારી-૧ જળાશય માં વરસાદી પાણી ની કોઈ આવક થયેલ નથી તેમજ ભાદર-૧ જળાશય માં પણ વરસાદી પાણી ની નહીવત આવક થયેલ છે
- જેથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સૌની યોજના માંથી આજી-૧ માં તબક્કાવાર ૨૧૦૦ MCFT તથા ન્યારી-૧ માં તબક્કાવાર  ૧૯૦૦ MCFT એમ કુલ ૪૦૦૦ MCFT જથ્થાની માંગણી કરવામાં આવેલ છે.જે માટેના માનનીય કમિશનર સાહેબશ્રી તથા માનનીય મેયરસાહેબશ્રી ના પત્ર આ સાથે સામેલ છે  જે અન્વ્યે હાલમાં ન્યારી -૧ માં સૌની યોજનાનું પાણી તા: ૩૧/૮/૨૦૨૬ થી ચાલુ કરવામાં આવેલ છે. આજની તારીખ સુધીમાં ૧૭૪ MCFT પાણી આપવામાં આવેલ છે જયારે આજી-૧ માં તા: ૧૪/૯/૨૦૨૬ થી સૌની યોજનાનું પાણી ચાલુ કરવામાં આવેલ છે. જે અન્વયે હાલમાં ૪૫ MCFT પાણી આપવામાં આવેલ છે જો સૌની યોજના દ્વારા અત્રેથી ડિમાન્ડ મુજબનો જથ્થો ફાળવવામાં આવે તો રાજકોટ શહેરની પાણી વિતરણ વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાઈ રહે. જો  માંગણી કરવામાં આવેલ જથ્થો પુરતા પ્રમાણમાં આપવમાં ન આવે તો તેને અનુરૂપ  નિર્ણય કરવાનો  થશે.  ઉપરાંત  વોટર કન્ટીજન્સી પ્લાન પણ બનાવવામાં આવેલ છે.તેને અનુરૂપ પગલા લેવાના થશે.

- રાજકોટ મહાનગર પાલિકા માં કૂલ ૦૭ તળાવ આવેલા છે જેમાં રામવન ૧,૨, અટલ સરોવર ૧,૨,૩,  લાલપરી તથા રાંદરડા તળાવ આવેલા છે

- રીવર ફ્રન્ટ યોજના ફેઇઝ વાઇઝ સાકાર કરવા પ્રથમ ફેઈઝમાં ઇન્દિરા બ્રીજ થી દૂધ સાગર બ્રિજ વચ્ચેનાં ભાગમાં ડેવલમેન્ટ કામગીરી હાથ ધરવા કન્સલ્ટન્ટ દ્વારા પ્લાનીગ અને ડીઝાઈન ની કામગીરી કરવામાં આવી રહી છે

DETHARIYA KP
BHADER SCHEME - DY EX ENGINEER ELE
18-09-2026 01:37 PM

| રાજકોટ મહાનગરપાલિકા | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સભ્યશ્રી કૌશિકભાઇ ટાંકનાં પ્રશ્ન ક્રમ નં.૮(૧) અન્વયેની માહિતી | | | | | | | |
| વરસાદી પાણીનાં સગ્રહ માટે કરવામાં આવેલ બોર રિચાર્જ બાબત | | | | | | | |
| ઇસ્ટ ઝોન | | | | | | | |
| ક્રમ નં. | વોર્ડ નં. | ગીરગંગા દ્વારા કરવામાં આવેલ બોરની સંખ્યા | બોરની ઉંડાઈ (મીટર) | ઝોનલ એજન્સી મારફત કરવામાં આવેલ બોરની સંખ્યા | બોરની ઉંડાઈ (મીટર) | થયેલ ખર્ચની રકમ રૂ. | રીમાર્કસ |
| 1 | 4 | 15 | 80 | 17 | 30 | 0 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 2 | 5 | 2 | 100 | 7 | 30 | 87,916/- | બાકીના બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 3 | 6 | 2 | 41 | 39 | 30 | 0 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 4 | 15 | 4 | 70 | 13 | 30 | 0 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 5 | 16 | 13 | 70 | 1 | 30 | 0 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 6 | 18 | 22 | 100 | 20 | 30 | 0 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| | **Total** | **58** | | **97** | | **0** | |
| સેન્ટ્રલ ઝોન | | | | | | | |
| ક્રમ નં. | વોર્ડ નં. | ગીરગંગા દ્વારા કરવામાં આવેલ બોરની સંખ્યા | બોરની ઉંડાઈ (મીટર) | ઝોનલ એજન્સી મારફત કરવામાં આવેલ બોરની સંખ્યા | બોરની ઉંડાઈ (મીટર) | થયેલ ખર્ચની રકમ રૂ. | રીમાર્કસ |
| 1 | 2 | 20 | 100 | 14 | 100 | 0 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 2 | 3 | 19 | 100 | 0 | 0 | 0 | સદરહું ૧૯ - બોરનાં કુલ રૂ.૯,૨૮,૦૫૫/- એજન્સીશ્રી ગીર ગંગાને ચુકવવા માટે કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 3 | 7 | 0 | 0 | 4 | 60 | 0 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 4 | 13 | 6 | 72 | 0 | 0 | 0 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 5 | 14 | 8 | 50 | 0 | 0 | | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 6 | 17 | 11 | 100 | 3 | 100 | 0 | ગીરગંગા દ્વારા કરાયેલ કામગીરીના બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. તથા ઝોનલ એજન્સી દ્વારા બોર રીચાર્જની કામગીરી પ્રગતિમાં છે. |
| | **Total** | **64** | | **21** | | **0** | |

| વેસ્ટ ઝોન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | વોર્ડ નં. | ગીરગંગા દ્વારા કરવામાં આવેલ બોરની સંખ્યા | બોરની ઉંડાઈ (મીટર) | ઝોનલ એજન્સી મારફત કરવામાં આવેલ બોરની સંખ્યા | બોરની ઉંડાઈ (મીટર) | થયેલ ખર્ચની રકમ રૂ. | રીમાર્કસ |
| 1 | 1 | 15 | 70 | 0 | 0 | 720000 | |
| 2 | 8 | 5 | 100 | 0 | 0 | 310000 | |
| 3 | 9 | 5 | 70 | 2 | 30 | 300000 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 4 | 10 | 27 | 70 | 0 | 0 | 1134000 | સદરહું બોરનાં બિલની ચૂકવણીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| 5 | 11 | 0 | 0 | 0 | 0 | 0 | |
| 6 | 12 | 0 | 0 | 0 | 0 | 0 | |
| | **Total** | **52** | | **2** | | **2464000** | |
| | | | | | | | |
| **Total** | | **174** | | **120** | | **2464000** | |

**તુષાર ડી. સુમેરા** આઈ.એ.એસ.
કમિશનર
**રાજકોટ મહાનગરપાલિકા**

આર.એમ.સી.સી. ૮૦ તા. ૦૬/૦૮/૨૦૨૬

પ્રતિ,
સચિવ શ્રી,
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ગાંધીનગર.

વિષયઃ- રાજકોટ શહેરને પીવાનાં હેતુ માટેનાં આજી-૧ તથા ન્યારી-૧ ડેમમા "સૌની" યોજના દ્વારા અગ્રતાના ધોરણે પાણી ફાળવવા બાબત.

રાજકોટ શહેરને પીવાનુ પાણી પુરુ પાડતા મહત્વના આજી-૧ તથા ન્યારી-૧ ડેમમાં તારીખ: ૦૫/૦૮/૨૦૨૬ નાં રોજ સંગ્રહીત જળ જથ્થાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જળાશયનું નામ | કુલ સંગ્રહ ક્ષમતા MCFT | હાલમાં ઉપલબ્ધ જથ્થો MCFT | દૈનિક ઉપાડ MLD |
|---|---|---|---|---|
| ૧ | આજી-૧ | ૯૧૮.૦૦ | ૪૬૨.૦૦ | ૧૫૦ |
| ૨ | ન્યારી-૧ | ૧૨૪૮.૦૦ | ૪૭૩.૦૦ | ૧૫૫ |

હાલ રાજકોટ શહેરની પાણીની દૈનિક ૨૦ મીનીટ પાણી વિતરણ માટે રો-વોટરની કુલ જરુરીયાત ૪૬૫ MLD છે. તે પૈકી ૧૩૫ MLD G.W.I.L. મારફત નર્મદા પાઇપલાઇન યોજના દ્વારા મેળવવામાં આવે છે. અને ૩૩૦ MLD ઉક્ત સ્થાનિક જળાશયોમાંથી મેળવવામાં આવે છે, જેથી વિદીત થવા વિનંતી.

આજ રોજ સ્થાનીક જળાશયોમાં ઉપલબ્ધ જળ જથ્થાની સ્થિતી અંગે આજી-૧ ડેમ ખાતે ૪૬૨.૦૦ એમ.સી.એફ.ટી. જળ જથ્થો ઉપલબ્ધ છે. જે હાલનાં ઉપાડ અનુસાર તા.૩૧/૦૮/૨૦૨૬નાં રોજ અંદાજે માત્ર ૩૦૯.૦૦ એમ.સી.એફ.ટી. ઉપલબ્ધ હશે. જ્યારે ન્યારી-૧ ડેમમાં આજની તારીખે ડેમમાં ૪૭૩.૦૦ એમ.સી.એફ.ટી. જળ જથ્થો ઉપલબ્ધ છે. જે તા.૩૧/૦૮/૨૦૨૬નાં રોજ અંદાજે માત્ર ૨૯૧.૦૦ એમ.સી.એફ.ટી. ઉપલબ્ધ રહેશે.

ઉપરોક્ત બાબત ધ્યાને લેતા રાજકોટ શહેરને પાણી પુરુ પાડતા જળાશયો પૈકી આજી-૧ તેમજ ન્યારી-૧ ડેમમાં ચાલુ સાલનાં ચોમાસામાં વરસાદી પાણીની આવક થયેલ નથી. તેમજ ભાદર ૧ ડેમમાં પણ વરસાદી પાણીની નહિવત આવક થયેલ છે. આજી ૧ તેમજ ન્યારી ૧ ડેમમાં સૌની યોજનાનો પર્યાપ્ત જથ્થો આપવામાં ન આવે તો, તેની સીધી વિપરીત અસર રાજકોટ શહેરની પાણી વિતરણ વ્યવસ્થા પર થવા પામે તેમ હોય, જેથી ડીમાંડ પૈકીનો ઘટતો જથ્થો તાત્કાલિક અસરથી આપવા વિનંતિ.

ઉપરાંત આગામી સમયમાં ચોમાસું ખેચાય અને આ બન્ને ડેમોમાં વરસાદી પાણીની આવક ન થાય તો, તેવા સંજોગોમાં આગામી વર્ષ-૨૦૨૭નાં પાણી વિતરણનાં પ્લાનીંગને ધ્યાને લઈ, આજી-૧ જળાશયમાં તબક્કાવાર ૨૧૦૦ એમ.સી.એફ.ટી. તથા ન્યારી-૧ જળાશયમાં તબક્કાવાર ૧૯૦૦ એમ.સી.એફ.ટી. જથ્થો સૌની યોજના મારફત ઉપલબ્ધ કરાવવા સંબંધિતને ઘટિત આદેશ થવા વિનતી.

આભાર સહ.

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા
૬/૮/૨૬

નકલ સવિનય રવાના
૧ માન અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ કર્મયોગી ભવન બ્લોક નં-૧ ગ્રાઉન્ડ ફ્લોર સેક્ટર-૧૦/એ ગાંધીનગર ૩૮૨૦૧૦

નકલ રવાના
૧ મુખ્ય ઇજનેરશ્રી (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી બ્લોક નં. ૯ બીજો માળ ન્યુ સચિવાલય ગાંધીનગર-૩૮૨૦૧૦ Email: [illegible]
૨ અધિક્ષક ઇજનેરશ્રી રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ બહુમાળી ભવન બ્લોક નં. ૦૫, રેસકોર્ષ રાજકોટ Email: [illegible]

ડૉ. નેહલ શુકલ
મેયર
રાજકોટ મહાનગરપાલિકા
તારીખ: ૨૭/૦૮/૨૦૨૬

RMC/Secretary/01/૨૩૬

પ્રતિ,
શ્રી જીતુભાઈ વાઘાણી,
રાજકોટ જીલ્લા પ્રભારી મંત્રી તથા કેબિનેટ મંત્રીશ્રી,
કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન
ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલ,
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

પ્રતિ,
શ્રી ઈશ્વરસિંહ પટેલ,
રાજ્ય કક્ષા મંત્રીશ્રી,
જળસંપત્તિ, પાણી પુરવઠા(સ્વતંત્ર હવાલો),
સ્વર્ણિમ સંકુલ-૨, પ્રથમ માળ,
સચિવાલય સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય:- રાજકોટ શહેરને પીવાના હેતુ માટેના આજી-૧ તથા ન્યારી-૧ ડેમમાં "સૌની યોજના" દ્વારા અગ્રતાના ધોરણે પાણી ફાળવવા બાબત.

આદરણીય સાહેબશ્રી,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજકોટ શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા મહત્વના આજી-૧ તથા ન્યારી-૧ ડેમમાં તારીખ:૨૭/૦૮/૨૦૨૬ના રોજ સંગ્રહીત જળ જથ્થાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જળાશયનું નામ | કુલ સંગ્રહ ક્ષમતા MCFT | હાલમાં ઉપલબ્ધ જથ્થો MCFT | દૈનિક ઉપાડ MLD |
|---|---|---|---|---|
| ૧ | આજી-૧ | ૯૧૮.૦૦ | ૪૪૬.૦૦ | ૧૫૦ |
| ૨ | ન્યારી-૧ | ૧૨૪૮.૦૦ | ૪૧૯.૦૦ | ૧૫૫ |

હાલ, રાજકોટ શહેરમાં દૈનિક ૨૦ મીનીટ પાણી વિતરણ માટે કુલ ૪૬૫ MLD રો-વોટરની જરુરીયાત છે. તે પૈકી ૧૩૫ MLD G.W.I.L. મારફત નર્મદા પાઇપલાઇન યોજના દ્વારા મેળવવામાં આવે છે અને ૩૩૦ MLD સ્થાનિક જળાશયોમાંથી મેળવવામાં આવે છે, જેથી વિદીત થવા વિનંતી.

આજ રોજ સ્થાનીક જળાશયોમાં ઉપલબ્ધ જળ જથ્થાની સ્થિતી અંગે આજી-૧ ડેમ ખાતે ૪૪૬.૦૦ MCFT જળ જથ્થો ઉપલબ્ધ છે, જ્યારે ન્યારી-૧ ડેમમાં આજની તારીખે ડેમમાં ૪૧૯.૦૦ MCFT જળ જથ્થો ઉપલબ્ધ છે, જે એક માસના અંતે ખુબ જ નહિવત માત્રામાં જથ્થો ઉપલબ્ધ રહેશે જેની સીધી અસર શહેરની પાણી વિતરણ વ્યવસ્થા પર થવા પામે તેમ હોય જે ધ્યાને લેવા વિનંતી.

ઉપરોક્ત બાબત ધ્યાને લેતા રાજકોટ શહેરને પાણી પૂરું પાડતા જળાશયો પૈકી આજી-૧ તેમજ ન્યારી-૧ ડેમમાં ચાલુ સાલનાં ચોમાસામાં વરસાદી પાણીની આવક થયેલ નથી, તેમજ ભાદર-૧ ડેમમાં પણ વરસાદી પાણીની નહિવત આવક થયેલ છે. રાજકોટ શહેરની પાણી વિતરણ વ્યવસ્થા પર વિપરિત અસર ન થવા પામે તે ધ્યાને લઈને આજી-૧ જળાશયમાં તબક્કાવાર ૨૧૦૦ MCFT તથા ન્યારી-૧ જળાશયમાં તબક્કાવાર ૧૯૦૦ MCFT જથ્થો સૌની યોજના મારફત તાત્કાલિક અસરથી ઉપલબ્ધ કરાવવા સંબંધિત વિભાગ મારફત યોગ્ય સૂચના થવા વિનંતી.

આપનો સ્નેહાધીન,

(ડૉ.નેહલ શુકલ)
મેયર, રાજકોટ મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના :
- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ(માન. મુખ્યમંત્રી શ્રી, ગુજરાત રાજ્ય)

+૯૧ ૭૯૯૦૧ ૧૦૭૦૦ રાજકોટ મહાનગરપાલિકા ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૧ mayor_rmc@rmc.gov.in Nehal Chimanbhai Shukla @nehalcshukla nehalshukladr

# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

| | |
|---|---|
| **General Board Date:** | 19-09-2026 |
| **Question No:** | 8(2) |
| **Corporator Name:** | KAUSHIKBHAI RAMNIKLAL TANK - Corporator : Ward 17 |
| **Question Subject:** | રાજકોટ મહાનગર પાલિકાની મધ્યમાંથી નીકળતી રેલવેમાં કુલ કેટલા ફાટક આવે છે. તમામ ફાટક દૂર કરવા શું આયોજન કે કાર્યવાહી અને સમયમર્યાદા બાબતે માહિતી આપવી. |
| **Department:** | BANDHKAM |
| **Ward:** | OTHER |
| **Employee:** | E3784-RAVAL ATUL ANIRUDDHBHAI |
| **Question Detail:** | રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો. |
| **Question Date:** | 11-09-2026 |

**Answer Details:** રાજકોટ શહેરમાં કુલ ૩ (ત્રણ) રેલ્વે લાઈન પસાર થાય છે.

- રાજકોટ – જુનાગઢ
- રાજકોટ – જામનગર
- રાજકોટ – અમદાવાદ

ઉક્ત ત્રણેય લાઈનમાં કુલ – ૨૭ રેલ્વે ક્રોસીંગ આવેલ છે. જેની વિગતવાર માહિતી એનેક્ષર – બી થી આ સાથે સામેલ છે.

ઉપરોક્ત વિગતે રાજકોટ – જુનાગઢ રેલ્વે લાઈન પર LC-11 (પી.ડી.એમ.ફાટક) તથા LC-13 (રાજકમલ ફાટક) પર RUB બનાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

RAVAL ATUL ANIRUDDHBHAI
BANDHKAM - DY EX ENGINEER CIVIL 16-09-2026 12:20 PM

રાજકોટ મહાનગરપાલિકા

સભ્યશ્રી કૌશિકભાઇ ટાંકનાં પ્રશ્ન ક્રમ નં.૮(૨) અન્વયેની માહિતી

એનેક્ષર - (બી)

| ક્રમ | રેલ્વે લાઇન | કુલ રેલ્વે ક્રોસીંગની સંખ્યા | **ROB/RUB** હોય તેવા રેલ્વે ક્રોસીંગની સંખ્યા | **ROB/RUB** બાકી હોય તેવા રેલ્વે ક્રોસીંગની સંખ્યા | **ROB/RUB** બનાવવાની કાર્યવાહી પ્રગતિમાં હોય તેવા રેલ્વે ક્રોસીંગની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ – જુનાગઢ | 17 | 9 | 8 | 2 |
| ૨ | રાજકોટ – જામનગર | 5 | 2 | 3 | 0 |
| 3 | રાજકોટ – અમદાવાદ | 5 | 3 | 2 | 0 |
| **કુલ** | | **27** | **14** | **13** | **2** |

# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

| | |
|---|---|
| **General Board Date:** | 19-09-2026 |
| **Question No:** | 8(3) |
| **Corporator Name:** | KAUSHIKBHAI RAMNIKLAL TANK - Corporator : Ward 17 |
| **Question Subject:** | કાલાવડ રોડ વિસ્તારના ચાર ઓવરબ્રિજ માટે આર.એમ.સી. નો મૂળ મંજૂર અંદાજ આશરે ૧૭૨.૬૫ કરોડ હોવા છતાં અંતીમ કોન્ટ્રાક્ટ આશરે ૨૫૧ કરોડમાં આપવામાં આવ્યો હોય તો આ આશરે ૭૮.૩૫ કરોડના તફાવતનું કારણ અને ટેન્ડરમાં ભાગ લેનાર તમામ બીડર્સની બીડની રકમ, એલ-૧, એલ-૨ ની વિગતો તથા કોમ્પ્રેટિવ સ્ટેટમેન્ટ તથા મૂળ અંદાજ કરતા વધુ રકમની બીડ સ્વીકારવા માટે કયા નિયમ-જી.આર.-ટેન્ડર શરતોનો આધાર લેવામાં આવ્યો તેની સંપૂર્ણ માહિતી અને સંબંધિત સંપૂર્ણ મંજૂરીઓ જનરલ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવે અને લેખિતમાં આપવામાં આવે. |
| **Department:** | BANDHKAM (WZ) |
| **Ward:** | OTHER |
| **Employee:** | E2634-MEHTA KUNTESHKUMAR KHANDUBHAI |
| **Question Detail:** | રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો. |
| **Question Date:** | 11-09-2026 |

**Answer Details:** કાલાવડ રોડ પરનાં બે બ્રિજ પૈકી કે.કે.વી. ચોક પર સેકન્ડ લેઅર ફ્લાય ઓવર બ્રીજ તથા જડુસ સર્કલે ફ્લાય ઓવર બ્રીજની અંદાજીત રકમ રૂા.૧૧૩.૬૨ કરોડ અને ૧૫૦ ફુટ રીંગ રોડ પર બે બ્રિજ પૈકી નાનામવા સર્કલ ફ્લાય ઓવર બ્રિજ તથા રામદેવપીર સર્કલ ફ્લાય ઓવર બ્રિજની અંદાજીત રકમ રૂા.૫૯.૦૩ કરોડ એમ કૂલ મળી આશરે રૂા.૧૭૨.૬૫ કરોડ અનુસાર ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે અન્વયે આવેલ એલ.-૧ એજન્સી રણજીત બિલ્ડકોન લી. નાં ભાવ અનુક્રમે રૂા.૧૫૮.૦૬ કરોડ અને રૂા.૮૧.૩૪ કરોડ એમ કૂલ રકમ રૂા.૨૩૯.૪૦ નાં ખર્ચે સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.-૦૨, તા.૧૫-૦૧-૨૦૨૧ અને સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.-૦૩, તા.૧૫-૦૧-૨૦૨૧ થી મંજુર કરવામાં આવેલ. આ કામે આવેલ એજન્સીઓનાં પ્રાઇસ બિડની વિગત એનેક્ષર-(એ) થી સામેલ છે.

આ કામ ટેન્ડરનાં મુળ અંદાજ કરતા બિડર તરફથી રજુ થયેલ આખરી ઓફર અનુક્રમે આ કામનાં કન્સલ્ટન્ટશ્રી ડેલ્ફ ઇન્ડીયા પ્રાઇવેટ લીમીટેડ અને કન્સલ્ટન્ટશ્રી જીંદાલ કન્સોર્ટીયમ-ન્યુ દિલ્હી દ્વારા તા.૧૧-૦૧-૨૦૨૦ નાં પત્રોથી રજુ કરાયેલ અભિપ્રાય મુજબ રણજીત બિલ્ડકોન લી. તરફથી રજુ થયેલ વાટાઘાટ બાદની આખરી ઓફર પ્રવર્તમાન માર્કેટ રેઇટ સિમેન્ટ, સ્ટીલ, કોરોના કાળનાં કારણે મેનપાવરમાં થયેલ સોર્ટેજ વિગેરેનાં કારણે વ્યાજબી હોવાનું જણાવવામાં આવેલ. જે અન્વયે ટેન્ડર મૂલ્યાંકન સમિતિની તા.૧૧-૦૧-૨૦૨૧ નાં મળેલ મીટીંગ અન્વયે એજન્સી તરફથી રજુ થયેલ આખરી ઓફર, એજન્સી તરફથી રજુ થયેલ રેઇટ એનાલીસીસ, કન્સલ્ટન્ટશ્રીઓનાં અભિપ્રાય તેમજ જામનગર તેમજ ભાવનગર મહાનગરપાલિકા તેમજ રાજકોટ શહેરમાં હોસ્પિટલ ચોક ખાતે ફ્લાય ઓવર બ્રીજમાં અનુક્રમે ૩૬.૧૦ %, ૩૯.૦૦ % તથા ૪૩.૦૦ % મુજબનાં ભાવો રજુ થયેલ. જે અન્વયે સમિતિનાં તમામ સભ્યો દ્વારા પ્રવર્તમાન માર્કેટ રેઇટ તથા સ્થળ-સ્થિતિને ધ્યાને લેતા આ ભાવ વ્યાજબી હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ અને તે પરત્વે સદર કામો મંજુર કરવામાં આવેલ.

MEHTA KUNTESHKUMAR KHANDUBHAI
BANDHKAM - ASSISTANT TOWN PLANNER CIVIL 17-09-2026 10:55 AM

**રાજકોટ મહાનગરપાલિકા**

**વેસ્ટ ઝોન (વોટર-વર્કસ શાખા)**

**તા.૧૯-૦૯-૨૦૨૬ નાં રોજ સભ્યશ્રી કૌશિકભાઇ રમણિકલાલ ટાંકા દ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્ન ક્રમ નં.-૮ (૩) ની વિગત**

**એનેક્ષર-(એ)**

## કે.કે.વી. અને જડ્ડુસ ફ્લાય ઓવર બ્રીજની વિગત (કામની અંદાજીત રકમ રૂા.૧૩૬.૬૧ કરોડ)

| ક્રમ | એજન્સીનું નામ | રજુ થયેલ ભાવની રકમ (રૂા.કરોડ) | ટકાવારી | વાટાઘાટ બાદ આવેલ ભાવ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | એલ-(૧) એજન્સી રણજીત બિલ્ડકોન લીમીટેડ | ૧૫૯.૦૬ કરોડ | ૪૦.૦૦ % વધુ | ૧૫૮.૦૫ કરોડ | કે.કે.વી. ચોક ખાતેનાં મલ્ટીલેવલ બ્રિજમાં ૦.૫૦ % અને જડ્ડુસ ચોક ખાતેનાં ફ્લાય ઓવર બ્રિજમાં ૧.૨૫ % ભાવ દરેક આઇટમમાં ઘટાડવામાં આવેલ. |
| ૨ | એલ.-(૨) એજન્સી રાજકમલ બિલ્ડર્સ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી. | ૧૭૮.૧૬ કરોડ | ૫૬.૮૨ % વધુ | -- | |

## નાનામવા ચોક તથા રામદેવપીર ચોક ફ્લાય ઓવર બ્રીજની વિગત (કામની અંદાજીત રકમ રૂા.૫૯.૦૩ કરોડ)

| ક્રમ | એજન્સીનું નામ | રજુ થયેલ ભાવની રકમ (રૂા.કરોડ) | ટકાવારી | વાટાઘાટ બાદ આવેલ ભાવ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | એલ-(૧) એજન્સી રણજીત બિલ્ડકોન લીમીટેડ | ૮૨.૩૭ કરોડ | ૩૯.૫૪ % વધુ | ૮૧.૩૪ કરોડ | નાનામવા ચોક તથા રામદેવપીર ચોક ખાતેનાં ફ્લાય ઓવર બ્રિજમાં ૧.૨૫ % ભાવ દરેક આઇટમમાં ઘટાડવામાં આવેલ. |
| ૨ | એલ.-(૨) એજન્સી રાજકમલ બિલ્ડર્સ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી. | ૯૦.૨૯ કરોડ | ૫૩.૦૦ % વધુ | -- | |